# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૩૪ • તા.૦૩ ડિસેમ્બર થી ૦૯ ડિસેમ્બર ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





## શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા

## જ્ઞાતિ દિવ્યાંગજનો માટે વિશેષ પહેલ

DON'T
# Compromise!




Portability Benefits Available



## COMPARE, SCRUTINIZE & DECIDE

Karani

: For Details Contact Us :

YASHODHAN KARANI 98211 37737

DEEPAK KARANI 98210 82664

DEEPAK MOMAYA 93233 44737

KALPESH LODAYA 93248 33133

- ☑ Global Cover
- ☑ No Room Rent Restrictions
- ☑ Consumables Benefit Cover
- ☑ Maternity Cover
- ☑ Emergency Air Ambulance
- ☑ OPD Dental Treatment Upto 10000/-
- ☑ OPD Treatment Upto 5000/-
- ☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
- ☑ Road Ambulance 5000 per Hospitalisation
- ☑ Compassionate Travel Upto 20000
- ☑ High End Diagnostic upto 25000
- ☑ Bariatric Surgery Cover
- ☑ No Claim Bonus 50% every year upto 100%
- ☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy

*T & C APPLY


# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરવો જોઈએ

જીવનના વહેણ સરળ કે સપાટ નથી વહેતાં. વાંકા, ચૂંકા, અટપટા થઈને પણ આખરે તે ગંતવ્ય સ્થાને પહોંચી જાય છે. સમયનું વહેણ પણ આવું જ એક વહેતું ઝરણું છે જે કાળ ખંડને વીંધી પોતાની લીલા પ્રસરાવી પ્રભાવ પાથરતો જાય છે. સમય સારો હોય કે ખરાબ તેને સમતા ભાવથી પસાર કરવો એ જ એનો એક માત્ર ઉપાય છે. ધીરજ રાખવા માટે સમય પસાર કરવો પડે છે. ઘણી વાર સારો સમય એની રાહ જોવામાં તક વડેફાઈ જાય છે. સુખનો કાળ જરૂર આવશે એ જોવામાં દુ:ખના કાળમાં શક્તિ સંચિત કરવી પડે છે એ થઈ શકતી નથી અને સારો સમય હાથમાંથી સરી જાય છે. બહુધા માણસો સુખનો સમય આવે એની રાહ જોવામાં પૂરી જિંદગી ખપાવી દે છે અને જ્યારે સારો સમય આવે છે ત્યારે એને પૂરેપૂરો માણી શકતો નથી.

માનવી મર્કટનું મોર્ડન રૂપાંતર છે એ નૃવંશી જાણકારો એ સાબિતી કર્યું છે. શરીર રૂપાંતરિક થઈ ગયું પણ મન હજી ચંચળ, ઉછળતું, કુદતું જ રહ્યું છે. તે બદલાયું નથી. બીજાઓની જિંદગી જોઈ જોઈને પોતાની જિંદગી આવી હોય તેની કામના કરે છે. પણ આખરે મૃગ જળ જેવી જિંદગી પામે છે. જિંદગીનું એ મોટું સત્ય છે કે જીવનમાં બધાને બધું જ મળતું નથી. માણસને અભાવથી નફરત થાય છે પણ અભાવને મોકળા મનથી સ્વીકારી શકતો નથી જેવું મળ્યુંછે એનો ખુલ્લા મનથી સ્વીકાર કરી શકતો નથી. એકલો માણસ પરિવારના સહવાસની ઝંખના રાખે છે. અઢળક સમય વીતી જાય તો પણ ચોકઠું ન ગોઠવાય એટલે હારી થાકીને અન્યની પારિવારીક જિંદગીમાં ડોકિયું કરી અફસોસને મળવાવતો રહી જાય છે. જ્યારે પરિવાર સાથે જીવતો માણસ એકલો રહે એવી સ્પેસ શોધતો રહે છે. તેને એકલા રહેતાં માણસની ઈર્ષા થાય છે અને અકળામણ, રૂંધામણ રાખી બેળે બેળે જિંદગીમાં ઢસડાતો રહે છે. આ વેઠવારી જિંદગી તેને સુખરૂપે જીવવા દેતી નથી.

આ બંન્ને પોતાની ભાગે આવેલી જિંદગીને સાચવી, સંભાળી જીવી શકતા નથી. બંન્ને સુખ પામી શકે છે તે છતાંય સુખ ભોગવી શકતા નથી. બંન્નેને પોતાને ભાગે આવેલી જિંદગીથી અસંતોષ છે. આ સુખ નથી ભ્રમ્રણાનો મોહ પાશ છે. સુખી તો માણસ એ સમય અને સંજોગોને ઓળખીને થવું પડે છે. દરેક પરિસ્થિતિને સ્વીકારી સમયના પ્રમાણે સાનુકુળ થવું પડતું હોય છે. આપણા ભાગે આવેલી જિંદગીનો સમય સંતોષથી, આનંદથી જીવતા નથી આવડતું એટલે વહેલા થાકી હતાશા અનુભવે છે અને પરેશાનીમાં પોતાના સ્વભાવ વિરૂધ્ધનું વર્તન કરીને આજુબાજુવાળાને દુશ્મન બનાવી બેસે છે. મગજનો પારો સાતમા આસમાને પહોંચાડી અન્યને નુકસાન પહોંચાડી બેસે છે.

સમય અને સંજોગને સ્વીકારી પરિસ્થિતિને જાણી સમજી ઉદારતાથી સ્વીકાર કરી લે તો એક સુખી જીવન જીવતો ઈન્સાન બની શકે છે. આત્મ સંતોષી માનવી સુખી, સરળ અને ખુશહાલ થઈ જિંદગી જીવી જાય છે. પણ દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરવા જેટલો સભાન કોઈ થઈ શકતું નથી. એ જ તો આજના માનવની ખામી છે.

– જય જ્ઞાતિમૈયા

# અન્યોની અધૂરપ જોવા કરતાં પોતાની અધૂરપ જોવી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

માણસ માત્ર પોતાની અધૂરપ અને નબળાઈને છૂપાવવાનો પ્રયાસ કરતો હોય છે. આ માટે બહારનો દેખાવ ઊભો કરવો પડે છે. દરેકનું ધ્યાન આપણી તરફ પડે એ માટે પ્રયત્નશીલ રહીએ છીએ. જેથી દરેકની નજર આપણી તરફ રહે. આપણા દુઃખ અને અશાંતિને લીધે મનમાં સતત અંજપો રહે છે. આપણામાં સરળતા અને સહજતા ન હોવાથી જતું કરવાને બદલે દરેક વાતને આપણે ગંભીરતાથી લઈને વાતનું વતેસર કરીએ છીએ. દંભ અને દેખાડાનું આવરણ આપણને આપણી રીતે જીવવા દેતું નથી. માણસને ધન, પદ અને અહંકારનું પડ વળગેલું છે. આમાં જરાપણ સહેજ ચીમટો લાગ્યો તો ય સહન થતું નથી. કોઈ વસ્તુ કાયમી નથી. સૂરજ સવારે ઉગે છે સાંજે અસ્ત થવા માટે. દરેકની ચડ ઉતર આવવાની અભિમાન કોઈનું રહ્યું નથી અને રહેવાનું નથી. આપણે દુનિયાની ચિંતા છોડી દઈએ અને આપણો પોતાનો વિચાર કરીએ. લોકો શું કહે છે અને શું કરે છે. તેની ફિકર કર્યા વગર આપણે શું કરવું છે તેનો જ માત્ર ખ્યાલ કરીએ તો મોટા ભાગની આપણી વિટંબણાઓ દૂર થઈ જાય.

કોઈ હઠીલી બાબતનું દ્રષ્ટાંત આપવા કૂતરાની પૂંછડીનો દાખલો અપાય છે. આ જગત પણ કૂતરાની પૂંછડી જેવું છે. મનુષ્યો લગાતાર હજારો વર્ષોથી તેને સીધું કરવાનો પ્રયત્ન કરતા આવ્યા છે છતાં તે વાંકુંને વાંકું રહે છે. તેને સીધો કરવાનો એક માત્ર ઉપાય છે. આપણે પોતે સીધા થઈ જઈએ. આપણે જેવા હોઈ શું એવું જગત દેખાશે. દુનિયાને સુધારતા પહેલાં આપણે સુધરવું પડશે.

દરેક માણસને કાંઈકને કાંઈક અંશે એમ લાગે છે કે તેના જેવું કોઈ નથી. પોતે જે છે તે બરોબર છે અને પોતે જે કરે છે તે બરોબર છે. એને કારણે તે બીજાઓને પોતાના બીબામાં ઢાળવાનો પ્રયાસ કરતો રહે છે. પિતા ઇચ્છે છે કે પોતાનો પુત્ર પોતાના જેવો થાય. ગુરૂ ઈચ્છે છે કે શિષ્યમાં પોતાના જેવા ગુણ આવે. માલિક ઈચ્છે છે કે નોકર પોતાના કહ્યામાં રહે, આપણા તાબામાં રહ્યાં કરે. આપણી રીતે જે કરે છે તે માણસ આપણને સારો લાગે છે અને આપણી ઈચ્છાથી વિપરીત કરે તે માણસ ખરાબ લાગે છે. આપણી મહેનત સમાજ, કુટુંબ અને પરિવારને સુધારવામાં લાગેલી રહે છે. આપણે એકબીજાને સુધારવાને બદલવા મથી રહ્યાં છીએ પરંતુ આપણે એક વાત ભૂલી જઈએ છીએ કે જાતને સુધાર્યા વગર જગતને સુધારવું મુશ્કેલ છે. આપણા પોતાનામાં સહેજ પણ પરિવર્તન આવે તો જગત પરિવર્તીત થયેલું લાગશે. બીજાને સાચા રસ્તા પર લાવતા પહેલાં એ વિચાર કરીએ કે આપણે સાચા રસ્તે છીએ ખરા? સૌ પ્રથમ આપણે આપણી ત્રુટીઓ અને નબળાઈઓ પર નજર કરી લેવી જોઈએ. તેની સૌ પ્રથમ સુધારી લેવી જોઈએ ત્યાર પછી જ બીજાઓની ખોડ અને ખામીઓને ઉજાગર કરવી જોઈએ.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા જ્ઞાતિ દિવ્યાંગજનોનું આત્મબળ વધારવા વિશેષ પહેલ




શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની જ્ઞાતિ દિવ્યાંગજનોને સાથ હૂંફ આપતી દિવ્યાંગ સમિતિ દ્વારા આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ નિમિત્તે તા.૧૨ ડિસેમ્બર સોમવાર દિવ્યાંગજન અને તેમની સાથે એક સાથીની માટે મહાનગર મુંબઈના દર્શનની સહેલ નિ:શુલ્ક કરાવાશે. પીકઅપ અને ડ્રોપ પોઈન્ટ વીટી સ્ટેશન પ્રવાસ પ્રારંભની શરૂઆત બપોરે ૨.૩૦ કલાકે. ઓપન ડેક બસમાં મુંબઈ દર્શનના જોવા લાયક સ્થળોનું દર્શન મુલાકાતે લઈ જવાશે. નોંધણી કરાવવાની છેલ્લી તારીખ ૯ ડિસેમ્બર ૨૦૨૨. રજિસ્ટ્રેશન માટે સંપર્ક માનદ વાઈસ ચેરમેન નીના સાયલા-૯૦૨૨૮૭૬૭૧૩.

બસ સહેલ દરમ્યાન સ્નેક બોક્ષ આપવામાં આવશે. એવી માહિતી દિવ્ય સમિતિ ચેરમેન કાશ્મીરા લુઠિયા તથા માનદ સેક્રેટરી શિલ્પા અજાણી દ્વારા અપાઈ છે.

# ધન્ય તપોજીવન ધન્ય સંયમ જીવનની સાધના

## પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રોદયશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૬૭મા વર્ષમાં પ્રવેશ



માગસર સુદ ૧૧ વિક્રમ સંવત ૨૦૧૩ના લાલા ગામના માવિત્ર માતુશ્રી પુરબાઈ આણંદજી નાગડાના ગુણિયલ, ધર્મવૃત્તિ પુત્રી અંજાર મુકામે પ.પૂ.મુનિરાજ શ્રી ચંદનસાગરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી ગુરૂ પ.પૂ.સાધ્વી રતનશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રોદયશ્રીજી મ.સા.નામે ઓળખ પામ્યા. સંયમ જીવનના કઠિન પથ પર વિહાર કરતા ૬૬ વર્ષ પૂર્ણ કરી ૬૭મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે ત્યારે આગામી સંયમ જીવન ધર્મ, ભક્તિ, તપ સાધનાથી અવિરત રહી શતક વર્ષના શિખર પર્યંત પહોંચે એવી ભાવના સાથે વંદના.

## પ.પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા.ના સંયમ જીવનના ૪૪મા વર્ષ પૂર્ણ થયા



વિક્રમ સંવત ૨૦૩૫ના માગસર સુદ ૧૧ તિથિ દિને જસાપર ગામના લક્ષ્મીબેન વેલજી ત્રિકમજી ધરમશીના દુહિતા મુલુંડ નગરે અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી સંયમ જીવનનો કઠિન પથ પ્રવાસ શરૂ કર્યો. ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ પ.પૂ.સા.શ્રી મૌનગુણાજી મ.સા. નામકરણ થયું.

વિક્રમ વર્ષ ૨૦૭૯ના વર્ષે માગસર સુદ ૧૧ના દિને પ.પૂ.સાહેબશ્રી સંયમ જીવનના સફળ ૪૪ વર્ષ પૂર્ણ કરી ૪૫ વર્ષમાં મંગલમય પ્રવેશ કર્યો છે. ત્યારે આ હરખ અવસરે તેમની તપ આરાધના, ધર્મધ્યાન અવિરત રહી સુર્વણ વર્ષ સાથે શતક વર્ષની સિધ્ધિ પામે એ શુભકામના.

## પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. ૪૫ વર્ષ સંયમ જીવનના માઈલ સ્ટોન પાસે પહોંચ્યા





વિક્રમ સંવત ૨૦૭૯ માગસર સુદ ૧૧ તિથિ દિને સંયમ જીવન સફરના ૪૫મા માઈલ સ્ટોન પાસે સફળ અને સિધ્ધિપૂર્વક પહોંચેલ છે. પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. પૂર્વાશ્રમના ગામ લાલા કચ્છના માવતર માતુશ્રી માનબાઈ દામજી મૈશેરીના સંસ્કારી પુત્રી ધર્મ, તપ, ત્યાગનો પથ સ્વીકારી મુલુંડ નગરે વિક્રમ સંવત ૨૦૩૫ના માગસર સુદ ૧૧ તિથિએ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના પુનિત હાથે દીક્ષા ગ્રહણ કરી પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ.શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. તરીકે ઓળખ પામ્યાં. ૪૪ વર્ષની આ સિધ્ધિપુર્વકની સફર સુવર્ણ, હીરક અને આગળ શતક વર્ષ સુધી અખંડ અભયપૂર્ણ રહે એ જ મંગલ કામના સહવંદના. **શ્રી કેસરીયા ભવન સંઘ યવતમાલમાં પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ના સંયમ પથ જીવનના ૪૫મા વર્ષ પ્રસંગે આકર્ષક રંગોળી તૈયાર કરી શુભ મંગલકામના અપાઈ હતી.**

# ધન્ય તપોજીવન ધન્ય સંયમ જીવનની સાધના

## પ.પૂ.સાધ્વીશ્રી હિતદર્શાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના રજત વર્ષમાં મંગલ પ્રવેશ



કચ્છ ગામ વારાપધ્ધરના માવિત્ર માતુશ્રી ઝમકુબાઈ દેવશી પાસુ ગોસરના ધર્મ સંસ્કાર અનુરાગી દીકરી વિક્રમ સંવત ૨૦૫૫ના માગસર સુદ ૧૧ તિથિ દિને બોંતેર જિનાલય તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી કલ્પરસાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ.સાધ્વીશ્રી હિતદર્શાશ્રીજી મ.સા.નું નામ પામ્યા.

વિક્રમ સંવત ૨૦૭૯ના માગસર તિથિ દિને પૂજ્યશ્રી સંયમ પથ જીવનના ૨૪ વર્ષ સુખ શાતા પણે પૂર્ણ કરી પચીસમાં વર્ષના શિખરે પહોંચવાનું ચઢાણ શરૂ કર્યું છે. તપ, ત્યાગ, ધર્મ ભક્તિ આરાધનાનો આ સંયમ જીવનની સફર આગળ વધતી વધતી સુવર્ણ, હીરક અને શતક વર્ષે પહોંચે એ શુભ મંગલકામના સાથે શુભેચ્છા સહ વંદના.

## પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.એ સંયમજીવનના રજત વર્ષ પૂર્ણ કર્યા

માગસર સુદ ૫ વિક્રમ સંવત ૨૦૫૪ના ગામ જખૌ કચ્છના માવિત્ર ગીતાબેન લલિતભાઈ ધરમશીના વહાલા પુત્રી સંયમ જીવનના પંથે પ્રયાણ કરવાના સંકલ્પ સાથે ૭૨ જિનાલય તીર્થ આંગણે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી અને ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ.સા.ના શિષ્ય થઈ પ.પૂ. સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.ના નામે નવી ઓળખ પામ્યા.



માગસર સુદ પાંચમ સંવત ૨૦૭૯ના પૂજ્ય સાહેબ સંયમજીવન પથના રજત વર્ષ પૂર્ણ કરી પાર કરી ૨૬મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. સાહેબનું ધર્મ તપ ધ્યાન જીવન અવિરત આગળ વધતું રહી સુવર્ણ સાથે શતક વર્ષ સુધી અખંડપણે રહે એજ ભાવના સાથે વંદન પ્રણામ.

## પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા.નો સંયમ જીવન પથના ૨૫મા વર્ષમાં મંગલ પ્રવેશ




વિક્રમ સંવત ૨૦૫૫ના માગસર માસ શુકલ પક્ષ તિથી ૧૧ દિને કચ્છ નલિયા ગામના માવિત્ર માતુશ્રી વિજયાબેન ઝવેરચંદભાઈ લાપસીયાના ધર્મ સંસ્કારમાં રંગાયેલ પુત્રી આત્મકલ્યાણનો માર્ગ સ્વીકારવાના ભાવ સાથે ૭૨ જિનાલય તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા સ્વીકારી. ગુરૂ પ.પૂ.અનંતકીર્તિશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા.ની ઓળખ પામ્યા.

વિક્રમ સંવત ૨૦૭૯ના માગસર સુદ ૧૧ તા.૩ ડિસેમ્બર શનિવારના દિને સંયમ જીવનના ૨૪ વર્ષ સફળ અને સિધ્ધિપૂર્વક સંપન્ન કરી રજત ૨૫મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ગુરૂભકતોને ઉજ્જવળ માર્ગ ચીંધી ધર્મ, ધ્યાન, તપ, ત્યાગ તરફવાળીને જિનશાસનની ધજા ઉન્નત રાખી પૂજ્ય સાહેબનો આગામી પ્રવાસ અખંડ અને આધ્યાત્મિક રીતે ઉજવળ રહી સુવર્ણ અને શતક વર્ષે પહોંચે એ ભાવના.

# ધન્ય તપોજીવન ધન્ય સંયમ જીવનની સાધના

## પ.પૂ.ગણિવર્યશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.નો સંયમ જીવનના ૪૫ મા વર્ષમાં ધર્મ શાન સાથે પ્રવેશ



વિક્રમ સંવત ૨૦૩૫ માગસર સુદ ૭ના તિથિ દિને કચ્છ લાલાના માવિત્ર મણિબેન હીરજીભાઈ દંડના સદ્ગુણી સુપુત્ર ધર્મ તપ અને ઉપાસના ભાવ સાથે સંયમ પથનો સ્વીકાર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષાગ્રહણ ઘાટકોપર નગરે કરી. ગુરૂ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય થઈ પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મસાગરજી મ.સા.તરીકે ભાવિકજનોના હૈયે સ્થાન લીધું.

પૂજ્ય ગણિવર્ય તા.૨૯ નવેમ્બર મંગળવાર માગસર સુદ ૭ના સંયમ જીવન માર્ગે ૪૪ વર્ષનું માઈલ સ્ટોન વળોટી ૪૫ વર્ષના માઈલ સ્ટોન તરફ સફળતાપૂર્વક આગળ વધી રહ્યાં છે.

પૂજ્ય સાહેબ ધર્મ, તપ, ધ્યાન કરી અનેક ભક્તોનું આત્મકલ્યાણ કર્યું છે. તેઓનું સંયમ જીવન શાતાપૂર્વક સુવર્ણ વર્ષ પાર કરી હીરક અને શતક વર્ષના શિખરે બીરાજે એ ભાવ પ્રાર્થના સાથે વંદના.



# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા સાંધવ તીર્થે ચૈત્ર માસની નવપદજીની શાશ્વતી ઓળીની આરાધના કરવાનું આમંત્રણ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન સાંધવને આંગણે શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩ની પાવન નિશ્રામાં વર્ધમાન તપનો પાયો આયંબિલ ઓળી, અંતરાયને તોડ તો અણમોલ મંત્ર, મનોવાંછિત વસ્તુની પ્રાપ્તિ કરાવનાર કલ્પવૃક્ષ, સંસારમાં બતાવેલ માંગલિક તપ સેવા ચૈત્રમાસની નવપદજીની શાશ્વતી ઓળીની આરાધનાનું આયોજન કરાયું છે.

ઓળી તપ કાર્યક્રમના કાર્યક્રમ મુજબ ભુજથી બસ દ્વારા સાંધવ આગમન તથા અતર પારણા ચૈત્ર સુદ ૬ સોમવાર તા.૨૭ માર્ચ ૨૦૨૩ ઓળી પ્રારંભ ચૈત્ર સુદ ૭ મંગળવાર તા.૨૮ માર્ચ ૨૦૨૩, ઓળીની પુર્ણાહૂતિ ચૈત્ર સુદ પુનમ બુધવાર તા.૫ એપ્રિલ ૨૦૨૩ પારણા ચૈત્ર વદ ૧ ગુરૂવાર તા,૬ એપ્રિલ ૨૦૨૩.

ચૈત્રમાસની ઓળી કરાવવાના સંપૂર્ણ લાભાર્થી પરિવાર સંઘવી ભાગચંદ દામજી જૈન ધરમશી કોઠારા હાલે મુલુંડ.

● દરેક આવનાર આરાધક ભાઈ બહેનોએ તા.૨૬ માર્ચ ૨૦૨૩ના સયાજી નગરી એક્સપ્રેસમાં ટિકીટ કઢાવવાની રહેશે. ● રીટર્ન પ્રવાસ ટિકીટ ભુજથી તા.૬ એપ્રિલની કચ્છ એક્સપ્રેસમાં કઢાવવાની રહેશે. ● આવવા જવાની ટ્રેન ટિકીટની રકમ સાંધવ નગરે પરત મળશે. ● સાંધવથી ભુજ પરત બસમાં આવતી વખતે પંચતીર્થી કરી ભુજથી ટ્રેન દ્વારા મુંબઈ તરફ પ્રયાણ કરવાનું રહેશે. ● આરાધકોએ પોતપોતાની ટિકીટ પોતાની રીતે સ્લીપર ક્લાસની કઢાવી વહેલી તકે પોતાનું નામ નીચે મોબાઈલ નંબર પર નોંધાવશો. ગોવિંદજી પટેલ-૯૮૨૦૫૪૦૯૪૬, કિરણ દંડ-૯૮૩૩૮૦૮૨૪૪

# સાંયરા નગરે શ્રી આદિનાથ જિનાલયની ૧૪૫મી ધ્વજારોહણ મહોત્સવનું ભાવભીનું નિમંત્રણ


શ્રી ક.દ.ઓ. સાંયરા જૈન મહાજન દ્વારા શ્રી આદિનાથ જિનાલયની ૧૪૫મી ધ્વજારોહણ મહોત્સવના મંગલ વધામણાં આપતા ત્રિહાનિકા મહોત્સવનું આયોજન તા.૨૦ ફેબ્રુઆરી સોમવારથી તા.૨૨ ફેબ્રુઆરી બુધવાર સુધી કરાયું છે. જેમાં સહર્ષ સહભાગી થવા સાંયરા ગામવાસીઓ અને નિયાણી બહેનોને, મહાજન, ગુરૂભક્તો, આમંત્રિત મહેમાનો અને સકળ સંઘને પધારવાનું ભાવપર્વૂક આમંત્રણ પાઠવ્યું છે.

આ મહોત્સવમાં શાંત સરળ સ્વભાવ નવકાર મંત્ર આરાધક પ.પૂ.મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા, પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા, પ.પૂ.સાધ્વીશ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા તથા કચ્છમાં વિહારમાન સાધુ સાધ્વીજી ભગવંતો નિશ્રા પ્રદાન કરશે.

ધ્વજા મહોત્સવના ત્રણેય દિવસની સંપૂર્ણ સાધર્મિક ભક્તિના દાતા માતુશ્રી લીલબાઈ શીવજી જીવરાજ લોડાયા જખૌ, માતુશ્રી મણિબાઈ રતિલાલ દેવશી મોમાયા સાંયરા હ.જયા શીવજી લોડાયા મુલુંડ આ લાખેણા મહોત્સવમાં લાખેલા પ્રસંગને રૂડી રીતે ઉજવવા આપની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી પુણ્યનું ભાથું બાંધવાની અમૂલ્ય તકનો લાભ લઈ સુકૃત કાર્યમાં સહભાગી થઈ યશનામી બનવાનું આહવાન કરાયું છે. ડાયમંડ દાતા રૂા.૧૫ હજાર, ગોલ્ડન દાતા રૂા.૧૦ હજાર અને સિલ્વર દાતા રૂા.૫ હજાર. સાંયરા વિકાસ મંડળનું ૨૫મું સિલ્વર જ્યુબિલી સ્નેહમિલન તા.૨૨ જાન્યુઆરી ૨૦૨૩ના રખાયું છે. શ્રી ધ્વજારોહણ મહોત્સવના ચડાવા સ્નેહમિલનમાં બોલાવવામાં આવશે. તો આ પ્રસંગે બહોળી સંખ્યામાં પધારી અમૂલ્ય લાભ લેવાનું જણાવાયું છે. આ પ્રસંગે સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવાર સંઘ માતા માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા સહપરિવાર સાંયરા-ઉજ્જૈન.

ધ્વજા મહોત્સવ માટે પોતાની રીતે ટિકીટ કઢાવી જાણ કરવા વિનંતી કરાઈ છે. જેથી આગળની વ્યવસ્થા કરવામાં સરળતા રહે. સંપર્ક શાંતિલાલ ધ્રોળ-૯૮૨૦૮૬૫૮૦૬, ૯૭૨૪૩૮૨૨૩૨ તથા બિપિન એલ.મોમાયા-૯૮૨૦૧૮૮૮૨૬, ૯૩૨૩૦૮૦૭૦૬

# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનામાં સહયોગી થનાર દાતાઓની અનુમોદના







પરોપકારનો પર્યાયી શબ્દ છે બીજાઓની ભલાઈ કરવી. મનુષ્યનો માનવીય ધર્મ છે. નાત જાત, પારકા પોતાના જોયા વગર અન્યોનું ભલું કરવું. તેમના દુઃખમાં દુખી થવું એ માનવી મૂલ્યનો ભાવાર્થ છે.

શ્રી સમસ્ય કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મેડિકલ સમિતિ સંચાલિત જ્ઞાતિજનો માટે ઉપયોગી અને આર્થિક આધાર આપતી સંજીવની યોજના દાતાઓનો વિશ્વાસ અને ભરોસો જીતેલી યોજના છે. આયોજનમાં પેટ્રન દાતાઓ અને સહયોગી દાતાઓ સમયાંતરે જોડાતા રહે છે.

કચ્છ સુથરીના શ્રી કરમશી ખીમજી પીર-લોડાયા તથા માતુશ્રી પુષ્પાબાઈ કાનજી પીર, સુથરી-ઘાટકોપરના આત્માશ્રેયાર્થે પ્રત્યેકના નામે રૂા.૧૧ હજારનું અનુદાન નોંધાવી સહયોગી થયા છે. બન્ને જ્ઞાતિ મહાનુભાવના પરિવારની ભલી ભાવનાને બિરદાવી અનુમોદના કરીએ છીએ.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**
**Whats App : 93222 57731**
**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના પંચવર્ષીય દાતાના સહયોગથી આયોજીત ૮૦મો સમૂહ લગ્નોત્સવ સફળતાપૂર્વક સંપન્ન







સમૂહ લગ્ન એક સમાજની સુંદર શરૂઆત જેનાથી વાસ્તવમાં સમાજમાં સમાનતાનો ભાવ વધે, એકતાને મજબૂત કરે અને આપસમાં મિત્રતા વધારે છે. અગ્નિની સાક્ષીએ ફેરા ફરનાર નવદંપતીને આશીર્વાદ આપવા અને પ્રસંગની ખુશીઓ વધારવા આખું સમાજ સાજન માજન બનીને આવે છે. સહર્ષ જણાવવાનું કે, આ ઉત્કૃષ્ટ પરંપરા ને આગળ વધારતા રવિવાર, તા. ૨૭-૧૧-૨૦૨૨ ના રોજ શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ અને પ્રમુખશ્રી નયનભાઈ ભેદાના માર્ગદર્શન હેઠળ આયોજિત ૮૦ માં સમૂહ લગ્નમાં નવ દંપતીએ પ્રભુતામાં પગલાં માંડ્યા. સમાજના દાતાશ્રી મહાનુભાવોનો અપ્રતિમ સાથ અને સહકાર, નવદંપતી પરિવાર, ટ્રસ્ટીગણો, સમૂહ લગ્ન સમિતિ અને મેહમાનોનો હૃદયથી વિશેષ આભાર માનવામાં આવ્યો હતો.

આ ખૂબજ ભવ્ય રીતે ઉજવાયેલ પ્રસંગની સફળતા માટે ૫૧ સભ્યોની ટીમની ભગીરથ મહેનત અને એ ટીમમાંથી બનેલા ૨૯ પંચવર્ષીય દાતાશ્રીના સહયોગ, ખાસ સમૂહ લગ્ન માટે દર વખતની જેમ આ વર્ષે પણ જોડાયેલા દાતાશ્રીઓ, વિવિધ સમિતિઓ પૈકી ની એક સમિતિ સમૂહ લગ્ન સમિતિ એના સંયોજકો અને ટીમની સુંદર મહેનત કાર્યને યાદગાર તેમજ સફળ બનાવવા માટે સંપૂર્ણ પ્રેરણા આપે છે. આમંત્રિત મહેમાનો, મહારાજ શ્રી હીરાલાલભાઇ, ઢોલી શ્રી રાજુભાઇ, મુંબઈ મહાજનના કર્મચારી ગણ, શ્રી અનંત મિત્ર મંડળની ટીમ, જૈનમ હોલની ટીમ, અવસર કેટરર્સ, ધાશુ સાઉન્ડ, ઉજ્જવલ ફોટોગ્રાફર, વર અને કન્યા પક્ષ તથા એમના સગા સ્નેહીઓ તથા નામી અનામી દરેક મહાનુભાવોના દિલથી આપેલ સહયોગ ને કારણે પ્રસંગનો શણગાર વધી ગયો હતો. વિશેષમાં સાથીદારો તથા અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ હર હંમેશ મુજબ દરેક બાબતે વિશેષ સહયોગ રહ્યો હતો.

# વર્ધમાનનગરે પધારેલા જૈન આચાર્યશ્રીનું ભવ્ય સામૈયું કરાયું



વર્ધમાનનગરે બિરાજતા શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવ મંદિરે ધ્વજારોહણ પ્રસંગે વર્ધમાનનગરે પધારેલા આ.ભ.પ.પૂ. કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ. મુનિરાજ શ્રી કલ્પતરૂસાગરજી મ. સા.નું વર્ધમાનનગર જૈન સંઘ દ્વારા વાજતે-ગાજતે ભવ્ય સામૈયું કરવામાં આવેલ.

સામૈયામાં અનીલ લાપસીયા, પ્રબોધ મુનવર, મહેન્દ્ર લોડાયા, મુલચંદ મુનવર, અનીલ ડાઘા, રાહુલ દંડ, મહેન્દ્ર લાપસીયા, ઝવેરચંદ ખોના, અભય ઘરમશી તથા શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા.

ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવતાં ક્રોધ અને ગુસ્સાને જીવનમાંથી દૂર કરવા સમજ પૂરી પાડી હતી. પૂજ્યશ્રીએ સકલ શ્રીસંઘ સાથે અનીલભાઇ મુલજી લાપસીયાનાં ઘરે પાવન પગલા કરેલ.

# તેરા તીર્થે શ્રી શામળીયા જિનાલય દ્વિશતાબ્દિ મહામહોત્સવ

તા. ૨૦ નવેમ્બર રવિવારના તેરા ટ્રસ્ટના ટ્રસ્ટીઓની એક મિટીંગ અને મુંબઈ પ્રદેશના કાર્યકર્તા સહ શ્રી તેકુલાઘુ જૈન યુવક સંઘ મુંબઈ ના નવા-જૂના પદાધિકારીઓનું એક સ્નેહમિલન શેઠશ્રી ભવાનજી અરજણ સંકુલ, શ્રી વિરજી લધાભાઈ જૈન વિદ્યાર્થીગૃહ ઘાટકોપર મધે યોજવામાં આવ્યું હતું. જેમાં શ્રી તેકુલાઘુ જૈન યુવક સંઘ, મુંબઈ અને શ્રી તેકુલાઘુ મહિલા મંડળ ના પદાધિકારીઓ-કમીટી મેમ્બરની નિમણુંક અને તા. ૨૭ થી ૩૧ ડીસેમ્બર ૨૦૨૩ના રોજ તેરા તીર્થે યોજાનાર શ્રી શામળીયા જિનાલય દ્વિશતાબ્ધિ મહામહોત્સવ અંગે ચર્ચા-વિચારણા કરી વિવિધ નિર્ણયો લેવામાં આવ્યા હતા.

ગત દિવસોમાં પ.પૂ. અચલગચ્છાધિપતિ આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ને ઉપરોક્ત મહામહોત્સવમાં નિશ્રા પ્રદાન કરવા આગોતરો આમંત્રણ આપી વિનંતી કરવામાં આવી હતી. વર્તમાન સમયે કચ્છ પ્રદેશમાં બીરાજમાન સરળ સ્વભાવી આ.ભ. પ.પૂ. કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. અને અન્ય આચાર્ય ભગવંતો, ઉપાધ્યાયો, ગણીવર્યો અન્ય પદવી ધારકો, સર્વે સાધુ-સાધ્વીજીઓને ઉપરોક્ત મહામહોત્સવ પ્રસંગે નિશ્રા આપવા વિનંતી કરાઈ છે.

તા. ૩૦-૪-૨૦૨૩ ને રવિવાર ના (વૈશાખ સુદ ૧૧ જૈનમ હોલ, ભાંડુપ (વેસ્ટ) મધે શ્રી તેકુલાઘુ ગામના પરિવારજનો, નિયાણી પરિવારજનોનું એક સ્નેહમિલન સાથે મહામહોત્સવના વિવિધ ચડાવાઓનું એક સંગીતમય કાર્યક્રમ શ્રી નરેન્દ્રભાઈ નંદુ ના સથવારે યોજવામાં આવ્યું છે. સર્વેને પધારવા ભાવભર્યું આમંત્રણ છે. ઉપરોક્ત સ્નેહમિલનમાં ઘણાજ કાર્યકર્તાઓ પધાર્યા હતા. નવા પદાધિકારીઓ સહ કમિટી મેમ્બરોનું ગઠન થયું હતું. અને શ્રી શામળીયા જિનાલય દ્વિશતાબ્દિ મહામહોત્સવ યોજવા વિવિધ સુચનોની આપ-લે અને ચર્ચા-વિચારણા થઈ હતી. ઉપરોક્ત મહામહોત્સવના મુખ્ય સલાહકાર, સંયોજનકાર અને માર્ગદર્શક તરીકે નવકાર મંત્ર આરાધક, ૨૭ વર્ષીતપના તપસ્વી શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને તેમની (કચવન-મેઘ બંધુ બેલડીની નિમણુંક ઉલ્લાસભેર થઈ હતી.

# આરટીઈ અંતર્ગત લઘુમતિ જાતિ માટેની શિષ્યવૃત્તિઓ બંધ કરાઈ

પ્રાથમિક શિક્ષણ હક અધિકાર RTE અંતર્ગત આવનાર ST, NT, OBC, Minority માટેની બધા જ પ્રકારની શિષ્યવૃત્તિઓ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી ધોરણ ૧ થી ૮મા સુધીની બધી શિષ્યવૃત્તિઓ કેન્દ્ર સરકાર દ્વારા બંધ કરવામાં આવેલ છે.

આ માહિતી મહેશ કાંતિલાલ ભવાનજી મોતા, કુવાપધ્ધર-જલગામ-૯૪૦૪૪૯૨૮૦૩ દ્વારા અપાઈ છે.

# જેઠીબાઈ જિનાલય સેક્ટર-૨૮ વાશીના ૨૮મા ધ્વજારોહણ મહોત્સવ અવસરે વિવિધ ધર્મ આરાધનાઓ થઈ



શ્રી સંભવનાથ દાદાની ચડાવી ધજા, ગુરૂદેવની નિશ્રામાં આવી ખૂબ મજા...

સેક્ટર ૨૮, તા.૨૮ અને દાદાની ૨૮મી વર્ષગાંઠના ત્રિવેણી સંગમે અમારા જેઠીબાઈ જિનાલયે પ.પૂ.યુવામુનિ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. તથા પ.પૂ.કૈવલ્યદર્શનાજી મ.સા.ની નિશ્રામાં શ્રી સંભવનાથ દાદાની ધ્વજા હર્ષોલ્લાસપૂર્વક ચર્તુવિધ સંઘની હાજરીમાં ડૉ.હર્ષ દેઢિયાના શુધ્ધ વિધિવિધાનપૂર્વક સંપન્ન થઈ.

શુભ પ્રસંગે નવી મુંબઈ શિલ્પકાર વિધાનસભ્ય શ્રી ગણેશજી નાઈક, સ્થાનિક નગરસેવક શ્રી શશીકાંતજી રાઉત તેમના ધર્મપત્ની શ્રીમતી સુનંદા રાઉત નવી મુંબઈ ટ્રાન્સપોર્ટ એસોસીએશન હેડ શ્રી વિઠ્ઠલશેઠ ધુમાલ, એડવોકેટ મીનલ ખોના અનુપમાબેન શાહની વિશેષ ઉપસ્થિતી રહી હતી.











# જેઠીબાઈ જિનાલય સેક્ટર-૨૮ વાશીના ૨૮મા ધ્વજારોહણ મહોત્સવ અવસરે વિવિધ ધર્મ આરાધનાઓ થઈ





ધજાના લાભાર્થી પરિવાર માતુશ્રી ભારતીબેન અશોક શાહ પરિવાર

સોનામાં સુગંધ : ધ્વજાના દિવસે યુવામુની શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.એ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિજી મ.સા.ના ૭૦મા જન્મોત્સવ શુક્રવાર તા.૯ ડિસેમ્બરે સમસ્ત મુંબઈના અચલગચ્છીય તમામ સંઘોના સંપૂર્ણ સ્ટાફને અડધો કિલો બુંદી લાડુના પેકેટ આપી સૌને મીઠું મોઢું કરાવવાનો લાભ લેવાની પ્રેરણા કરતાં અમારા સંઘના વિવિધ પરિવારોએ પ્રેરણાને ઝીલી લીધી. પૂજ્યશ્રીએ અમારા સંઘ ઉપર કરેલી અનહદ કૃપા માટે અમે ગુરુદેવના પરમ ઋણી રહીશું.

શ્રી સંભવનાથ શ્વે.મૂ.જૈન સંઘ વતી શ્રી મણીલાલભાઈ લોડાયા (પ્રમુખ), પરેશ લાલકા (માનદમંત્રી)













# પ.પૂ.સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી મ.સા. ૯૧ વર્ષની વયે કાળધર્મ પામ્યા





તા.૨૮ નવેમ્બર સોમવારના દિને સવારે અચલગચ્છ માટે દુઃખદ સમાચાર મળ્યા. પ્રાતઃ સવારે ૬.૧૧ વાગે પોતાના સંયમ જીવનના ૪૮મા વર્ષે અને ૯૧ વર્ષની ઉંમર અવસ્થામાં પ.પૂ. સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી મ.સા. કચ્છ માંડવી પરિસરના શિવમસ્તુ તીર્થે નવકાર મંત્રનું સ્મરણ કરતાં કાળધર્મ પામ્યા.





તેઓ સંસારપક્ષે ભુજના માતુશ્રી અમૃતબેન ખુશાલચંદ વસ્તાભાઈ મહેતાના પુત્રી, પ.પૂ.મુનિરાજશ્રી મહાભદ્રસાગરજી મ.સા.ના સંસારપક્ષે ધર્મપત્ની તથા પ.પૂ.ઉપાધ્યાય શ્રી પુર્ણભદ્રસાગરજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી મહાપદમગુણાશ્રીજી મ.સા.ના સંસારી સંબંધે માતુશ્રી હતા. પૂ.બા મહારાજ સાહેબને નામે ગુરૂભક્તોમાં ઓળખાતા પ.પૂ.સાધ્વી મ.સા.ના પાલખી યાત્રાના ચડાવા બપોરે ૩ વાગે થયા અને સાંજે ૪ વાગે પાલખી યાત્રા નીકળી. તેમના અગ્નિ સંસ્કાર શિવમસ્તુ તીર્થના કોમ્પલેક્ષમાં અસંખ્ય ગુરૂભક્તો ભાઈ બહેનોની સજળ નયને ઉપસ્થિત વચ્ચે કરાયા. તેમનો દિવ્ય આત્મા શીઘ્રતાએ પરમ પદ પ્રાપ્ત કરે એજ પ્રાર્થના.

# વડોદરા નગરના શ્રી વિમલનાથ દાદાના જિનાલયની તેરમી ધ્વજા મહોત્સવની કંકોત્રીના કુંકુ છાંટણાનો કાર્યક્રમ યોજાયો



પ.પૂ.સાધ્વીશ્રી મુક્તિરત્નાજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી સંસ્કારનિધિજી મ.સા.ની પરમપાવન નિશ્રામાં શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ વડોદરાના શ્રી વિમલનાથ દાદાના જિનાલયની તેરમી ધ્વજા મહોત્સવની કંકોત્રીના કંકુ છાંટણાનો કાર્યક્રમ અદ્દ્ભૂત ઉત્સાહ સાથે સંઘના શ્રાવક શ્રાવિકાઓની અદ્દ્ભૂત ઉપસ્થિતમાં યોજાયો.

# ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી દ્વારા ગુજરાત પ્રદેશ માટે પક્ષ પ્રવક્તા તરીકે એડવોકેટ રત્ના અતુલ છેડાની વરણી



ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી નવી દિલ્હી દ્વારા હાલે ગુજરાતમાં ચૂંટણીને અનુલક્ષીને તાત્કાલિક રીતે અમલમાં આવે એ રીતે પક્ષના કન્વીનર, કો-કન્વીનર અને સ્પોકપર્સન પ્રવક્તાઓના નામ પક્ષ વરિષ્ઠ મંત્રી કે.સી.વેણુ ગોપાલ દ્વારા જાહેર કરાયા છે.

જેમાં કોંગ્રેસ પક્ષના સતાવાર સ્પોકપર્સન પ્રવક્તા તરીકે તેરા અમદાવાદના એડવોકેટ શ્રીમતી રત્ના અતુલ છેડા, રત્ના વોરાનું નામ પણ જાહેર કરાયું છે. રાષ્ટ્રીય પક્ષ દ્વારા ગુજરાત પ્રદેશ માટે નિમાયેલા એડવોકેટ રત્નાબેન છેડાને હાર્દિક અભિનંદન સાથે રાજકારણ ક્ષેત્રે તેઓ સેવા નિષ્ઠ કાર્ય કરી સફળતાના શિખરે બિરાજે એવી શુભેચ્છા આપીએ છીએ.

## શ્રી વડાલા સંઘની સ્થાપનાની સુવર્ણ જયંતિ દિને શ્રી મહાકાલી માતાજીની ભાવના ભણાવાઈ





શનિવાર તા.૨૬ નવેમ્બરના રોજ શ્રી અચલગચ્છ જૈન સંઘ વડાલાની સ્થાપનાના ૫૦ વર્ષ સુવર્ણ જયંતિ નિમિત્તે તથા શ્રી સંભવનાથ જિનાલયની વર્ષગાંઠ પ્રસંગે અચલગચ્છાધિષ્ઠિકા શ્રી મહાકાલી માતાજીની ભાવના શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ એ ભણાવી હતી.

# પ્રોફેસર ડૉ. મહિમા મોહિત દંડ હુબલીને માનવતાવાદી સેવાઓ માટે શ્રેષ્ઠતા એવોર્ડ એનાયત કરાયો






કર્ણાટકના હુબલીના પ્રોફેસર ડૉ.મહિમા મોહિત દંડ જેઓ અન્ય વ્યક્તિઓ માટે સેવા ભાવથી કાર્ય કરી ઉમદા કાર્ય કર્યું છે. તેઓને ૪૦ વર્ષ જૂના અને ૬ હજારથી વધુ સભ્યો ધરાવતા IACDE ઈન્ડિયન એસોસિએશન ઓફ કન્સવર્ટી વ ડેન્સિટ્રુસી એન્ડ એન્ડોડોન્ટિક્સ દ્વારા ૧૨૦૦ જેટલા પ્રતિનિધિઓની ઉપસ્થિત વચ્ચે Excellence For Humanitarian Services એવોર્ડ ૨૦૨૨ ભોપાલ ખાતે ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પ્રેસિડન્ટના હાથે પ્રદાન કરાયો. આ સફળ સિધ્ધિ પ્રાપ્ત બદલ હાર્દિક અભિનંદન સાથે ઉજવળ ભાવિની શુભકામના.

# કેડીઓ વેલ્ફેર એસોસિએશનની ત્રણ વર્ષની નવી ટર્મ માટે નવી મેનેજીંગ કમિટીનું ગઠન

છેલ્લા ૨૩ વર્ષથી અવિરત કેડીઓ જ્ઞાતિમાં સામાજિક સુરક્ષા યોજનાનું સફળતાપૂર્વક સંચાલન કરતી સેવા સંસ્થા કેડીઓ વેલ્ફર એસોસિએસનની ત્રણ વર્ષની આગામી ટર્મ માટે નવી મેનેજીંગ કમિટીનું ગઠન કરાયું. જેમાં પ્રેસિડન્ટ તરીકે દીપક ગંગાજર ડાઘા વરાડીયા-મુલુંડ, વાઈસ પ્રેસિડન્ટ હિરેન (રાજુભાઈ) મૂલજી ખેતશી મોમાયા, સાંયરા-હૈદ્રાબાદ, સેક્રેટરી કિરણ ઠાકરશી ઘેલાભાઈ મૈશેરી, બાંડિયા-હૈદ્રાબાદ, જોઈન્ટ સેક્રેટરી તરીકે અખિલેશ ધનજી જેઠાભાઈ વિક્મશી, રાણપુર-મુલુંડ, ટ્રેઝરર તરીકે રીતેશ કિશોર ગોંવિદજી ખોના, જખૌ-મુલુંડ, જોઈન્ટ ટ્રેઝરેર લહેરચંદ ટોકરશી પાશ્વીર લોડાયા અને કમિટી મેમ્બરર્સ તરીકે ચંદ્રકાંત મોતીચંદ નારાણજી નાગડા, નલિયા-હુબલી, શરદ હેમરાજ કાનજી મોમાયા, વરાડીયા-હુબલી, ચંદ્રેશ વીરચંદ કુંવરજી છેડા, સુજાપુર-રાયપુર, ફાલ્ગુન લખમશી મોરારજી ખોના, નલિયા-ભાંડુપ, અજિત માલશી પદમશી લોડાયા, તેરા-મુલુંડ, ચેતન ગોવિંદજી કેશવજી નાગડા, નલિયા-વડોદરા, મોનિક વિનોદ વેલજી ધરમશી, સુથરી-હૈદરાબાદ, ચંદ્રેશ દિનેશ ધનજી નાગડા, નલિયા-વડોદરા અને ભાવેશ મણિલાલ ખીમજી લોડાયા, વારાપધ્ધર-હૈદ્રાબાદ.

સામાજિક સુરક્ષા યોજના અંતર્ગત ૫ થી ૫૦ વર્ષના કોઈપણ કેડીઓ જ્ઞાતિજન એક જ વખત રૂા.૨૨૦૦ માત્ર, રૂા. બે હજાર બસો ભરી મેમ્બર બની શકે છે તથા ૫૫ની વર્ષે રીટાયર્ડ થાય છે. મેમ્બરશીપ દરમ્યાન અવસાન થાય તો નોમિનીને રૂા.૭૫ હજારનું મ્યુચલ બેનીફિટ અપાય છે. અકસ્માતથી અવસાન થાય તો વધારાના રૂા.૭૫ હજાર અપાય છે. ઉપરાંત આ પરિવાર જો જરૂરતમંદ હોય તો હજુ વધારાના રૂા.૭૫ હજાર સુધી અનુદાનને પાત્ર હોય છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ




**મીના મૈશેરી**
તા.૨૭ નવેમ્બર (ઉ.૫૦)
જખૌ-મુલુંડ



**સુશીલા લાલકા**
તા. ૨૭ નવેમ્બર (ઉ.૭૧)
રંગપુર-રંગપુર



**કલ્પના મૈશેરી**
તા. ૨૯ નવેમ્બર (ઉ.૭૮)
સાંધાણ-વિર્લેપાલે



**કાંતિલાલ લોડાયા**
તા.૩૦ નવેમ્બર (ઉ.૮૨)
સાંયરા-કોલકતા




**પ્રફુલ લાલકા**
તા.૧ ડિસેમ્બર (ઉ.૭૨)
વારાપધર-મુલુંડ



**હીરાચંદ લોડાયા**
તા.૧ ડિસેમ્બર (ઉ.૭૦)
બાંઢીયા-લાલપુર



**પ્રવિણ પોલડિઆ**
તા. ૧ ડિસેમ્બર (ઉ.૬૫)
ડુમરા-ડુમરા



**કુપર ધરમશી**
તા. ૨૩ નવેમ્બર (ઉ.૧૧)
કોઠારા-અમેરિકા



**નવલ મોમાયા**
તા. ૩ ડિસેમ્બર (ઉ.૮૨)
સાંયરા-ગાંધીધામ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● પ્રજાપતિ બ્રહ્મકુમારી ઈશ્વરીય વિદ્યાલય આબુ રોડ રાજસ્થાન ખાતે યોજાયેલ ચાર દિવસીય રાષ્ટ્રીય કલા ચિત્રકલા સ્પર્ધા અને વર્કશોપમાં દેશના વિવિધ રાજ્યોમાંથી ૩૫૦ જેટલા ચિત્રકારોએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાતના ૧૮ જેટલા કલાકારોમાં કચ્છ ગાંધીધામના જાણીતા ચિત્રકાર દેવજી દાદુભાઈનો સમાવેશ કરવામાં આવ્યો હતો. એક જ મંચ પર એકત્ર થઈ દરેક કલાકારોએ એક વિષય પર ચિત્રાંકન કર્યું હતું. કચ્છી ચિત્રકાર દેવજીભાઈ મહેશ્વરીએ ગુરૂઓમ બાબાના વ્યક્તિ ચિત્ર સાથે ભારતમાં સર્વ ધર્મો પ્રત્યે સદભાવનાનો સંદેશ વ્યક્ત કરતા આબેહૂબ ચિત્ર સમગ્ર વર્કશોપમાં ભારે આકર્ષણ જગાવ્યું હતું.

● ગુજરાતમાં ચૂંટણીનો ધમધમાટ શરૂ છે ત્યારે કચ્છમાં છ વિધાનસભાની બેઠક પર પ્રચાર જોરશોરમાં ચાલુ છે. ત્યારે એ જાણવું રસપ્રદ થશે કે છેલ્લાં પાંચ વરસમાં ૧.૮૫ લાખ મતદારોનો વધારો થયો છે. છેલ્લી ચૂંટણીઓ ૨૦૧૭માં વિધાન સભા માટે થઈ હતી ત્યારે જિલ્લામાં ૧૮૦૩ મતદાન મથકો હતા જ્યારે અત્યારે ૧૮૬૦ વોટિંગ સેન્ટર તારવવામાં આવતા પાંચ વરસમાં ૫૭ બુથનો વધારો થઈ ગયો છે. કચ્છના ૩૫ હજાર વરિષ્ઠ વોટર્સ માટે નવીન પ્રકારની વ્યવસ્થા કરી છે. તો દિવ્યાંગ મતદારોને અલગ તારવામાં આવ્યા છે તેમને કોઈ જાતની તકલીફ ન થાય તેવી કાળજી કરાઈ છે. કચ્છ જિલ્લામાં દિવ્યાંગ મતદાતાઓની સંખ્યા ૧૩૬૮૦ છે.

● ખાદીએ કાપડ નહીં પણ વિચાર છે. તેવું ગાંધીજી કહેતા ખાદીને જીવંત રાખવા દાયકાઓથી પશ્ચિમ કચ્છ ખાદી ગ્રામોદ્યોગ સંઘ કોઠારા દ્વારા પ્રયાસ કરાઈ રહ્યાં છે. દર વર્ષે ૪૦થી ૫૦ લાખની કિંમતની ખાદીનું વેચાણ સંસ્થા દ્વારા કરાય છે તેમાંય ઓક્ટોબરથી માર્ચ સુધી ખાદી પર એકંદરે ૨૫ ટકા જેટલું વળતર અપાય છે. આ સમય દરમ્યાન ખાદી કાપડનું વેચાણ વધુ થાય છે. સંસ્થા દ્વારા અબડાસાના આરીખાણા ગામે ૧૯૮૦ ૪૧ અંબર પરિશ્રમાલય ચલાવવામાં આવે છે. જેમાં ગામની ૫૦ જેટલી મહિલાઓ ચરખાઓ પર સુતરની આંટી તૈયાર કરી રોજી મેળવે છે. રૂા.૧૫ થી ૧૮ હજારની કિંમતના ચરખાની સુવિધા પશ્ચિમ કચ્છ ખાદી ગ્રામોદ્યોગ સંઘે કરી આપી છે. ચરખો ચલાવી સુતરની આંટી તૈયાર કરવા માટે કપાસ રૂપી કાચો માલ પણ સંસ્થા નિ:શુલ્ક આપે છે. ૧ સુતરની આંટી તૈયાર કરાય તો રૂા.૭.૫૦ ચૂકવાય છે. દરરોજ ચાર કલાક ચરખો ચલાવી મહિને ત્રણથી ચાર હજારની આવક ગામ લોકો કરી લે છે. અંબર પરિશ્રમાલયમાં ન આવી શકે તેવી બહેનો ઘેર બેઠે રેંટિયો ચલાવી સુતરની આંટી બનાવી શકે તેવી પણ સુવિધા સંસ્થા કરી આપે છે. અમદાવાદ ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં અંબર પરિશ્રમાલય બહેનો પૈકી ૫૦ જેટલી આરીખાણાની મહિલાઓ જોડાઈ હતી.

● તાજેતરમાં યોજાયેલી જિલ્લાકક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં કુસ્તીમાં વીરાયતન વિદ્યાપીઠ જખણિયાના છાત્રો અંડર નં. ૧૪, અંડર ૧૭ એઈજ ગ્રુપમાં પ્રથમ તથા દ્વિતીય સ્થાન ઉપરાંત અન્ય કેટેગરીમાં સારું પ્રદર્શન દાખવ્યું હતું. વીરાયતન સંસ્થાના પ્રણેતા આચાર્ય ચંદનાજી, સાધ્વી શિલાપીજીએ વિદ્યાર્થીઓની સિદ્ધિને બિરદાવી હતી.

● માંડવી લોહાણા મહાજન દ્વારા રહેમત ટ્રસ્ટના સહયોગથી ચામડી રોગ નિદાન કેમ્પ યોજાયો. જેમાં ૪૨૧દર્દીઓએ સારવાર લાભ લીધો હતો. મુંબઈના એક દાતા તરફથી રૂા. ૧લાખ દસહજારની રકમના મેડિકલ સાધનો વસાવવા તથા બીજા આવા સાધનો માટે જરૂરી રકમ મૂળ માંડવીના મુંબઈના મુંબઈ રહેતા નેશનલ વે બ્રિજવાળા મહમદભાઈ સાલે મામદ ચાકી તરફથી રૂા. એક લાખ ઓર્થોપેડિક સાધનો વસાવવા માટે જાહેર કરાયા હતા.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj
The taste of tradition

KDO BUSINESS

KDO SANJIVANI

80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member

SHUBH
DIAMONDS



RAJESH MOMAYA

9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)